DATE - 30-08-2025

SANDESH, PAGE-02, SURAT

### છેલ્લા બે મહિનામાં સાડા ત્રણ કિમીના બેરિકેડ દૂર કરાયા

# ટ્રાફિકથી મુક્તિ : મેટ્રો ત્રણ મહિનામાં 3 કિ.મી. સુધીના બેરિકેડ હટાવી લેશે

### કુલ ૩૦ કિલોમીટર પૈકી અત્યાર સુધી ૧૬ કિમી સુધીના બેરિકેડ દૂર કરાયા

સુરત

મેટ્રો પ્રોજેક્ટનું કામ ચાલુ હોવાથી તેના રૂટમાં મુકાયેલા બેરિકેડ જેમ-જેમ કામ આગળ વધી રહ્યુ છે તેમ ખસેડવામાં આવી રહ્યા છે. કોરિડોર-૧ અને કોરિડોર-૨ પૈકી કુલ આશરે ૩૦કિમી સુધીમાં બેરિકેડ શરૂઆતમાં મુકાયા હતા. જેથી લોકો ટ્રાફિક સર્જાવાની સમસ્યાની ફરિયાદ કરી રહ્યા હતા. પરંતુ જેમ કામ આગળ વધી રહ્યુ છે તેમ બેરિકેડ દૂર કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી પાલિકાએ ૧૬ કિમી સુધીના બેરિકેડ દૂર કર્યા છે. આગામી ત્રણ મહીનામાં વધુ ત્રણ કિમી સુધીનો બેરિકેટ હટાવી લેશે.આ દરમિયાન મોટાભાગના રસ્તા કે જે ડેમેજ થયા હતા તેને પણ રીપેર કરવાનો દાવો મેટ્રોએ કર્યો હતો.

મેટ્રોના પ્રોજેક્ટના સૂત્રોએ જણાવ્યાનુંસાર મેટ્રો દ્વારા કોરિડોર-૧ પર સરથાણાથી ડ્રીમ સિટી અને કોરિડોર-૨ પર સારોલીથી ભેસાણ સુધી આશરે ૪૦ કિમીના વિસ્તારમાં મેટ્રો દોડાવવા માટેનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં કુલ ૬ કિમી સુધીનો વિસ્તાર અંડર ગ્રાઉન્ડ છે. તે ઉપરાંત કામ કરવા માટે કુલ ૩૦ કિમીના વિસ્તારમાં પાલિકાએ બેરિકેટ મુક્યા હતા. જેથી શરૂઆતમાં કેટલાક સ્થળો ટ્રાફિકની ફરિયાદ લોકો કરી રહ્યા હતા. જોકે હવે લોકોની સરળતા માટે મેટ્રો દ્વારા કામ પુરૂ થયુ હોય ત્યાંથી બેરિકેટ ખસેડી લેવાયા છે. તે ઉપરાંત મેટ્રોના લીધે રોડમાં ખાડા પડી ગયા હોવાની વ્યાપક ફરિયાદો થતા તમામ રોડ રીપેર કરી લેવાયા છે, અમુક સ્થળો પર સતત વરસાદને લીધે રસ્તાની સપાટી પર અસર પડી છે ત્યાં કામ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે ગુરૂવારે પાલિકામાં મેટ્રો અધિકારીઓ સાથે મનપાના મેયર દક્ષેશ માવાણી, સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન રાજન પટેલ તેમજ ઝોનના અધિકારીઓની મીટિંગ મળી હતી. જેમાં મેયરે મેટ્રોના અધિકારીઓને મેટ્રોના લીધે ડેમેજ થયેલા રસ્તાઓ, ડ્રેનેજ લાઇનને ઝડપથી રીપેર કરવા માટેની સુચના આપવામાં આવી હતી.